**મહેરબાનશ્રી એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.: લીંબડી**

ફોજદારી કેસ નંબર : ૪૪૯/૨૦૨૨

આંક–

શ્રી સ ર કા ર

... ... ... ફરીયાદી

વિરૂદ્ધ

કુલદિપસિંહ મહાવીરસિહ માધુભા રાણા
રહે.મુ.તા.લીબડી,મામાના મંદિર પાસે,અંબિકાનગર

... .... ... આરોપી

ગુન્હો : જી.પી.એકટ–૧૩૫ મુજબ

<u>:: ચુકાદો ::</u>

૧. આ કામેના આરોપી વિરુધ્ધ જી.પી.એકટ–૧૩૫ મુજબ અન્વયેના ગુનાનો આરોપી છે. જે અંગે તપાસકરી પોલીસે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરવામા આવેલો, જે સમન્સ બજી જતા, આરોપી તેઓના વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. આરોપીઓ હાજર થતા, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામા આવ્યા બાદ આરોપીની પ્લી લેતા, આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે. જે સબબની આરોપીએ કબુલાત પુરશીષ આપેલ છે. તથા મુદામાલ અંગે નો કલેમ પુરસીસ રજુ કરેલ છે.

(૩) આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામા ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમા કહેવાતો ગુનો ફરીથી ન બને તેની તકેદારી રાખશે, તેઓ ગરીબ ઈસમ છે, જેથી દયાની અરજ ગુજારેલ છે.

(૪) આમ, આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાત, આરોપીની રજુઆત, ગુનાનુ સ્વરુપ, કેસના સંજોગો વિગેરે ધ્યાનમા લેતા, આરોપીને કાયદામા નિર્દિષ્ટ કરેલ સજા કરતા ઓછી સજા

ફરમાવવામા આવશે તો તે ન્યાયી, વ્યાજબી અને ઉચિત જણાશે જેથી ં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૫૨ અન્વયે જી.પી.એકટ–૧૩૫નાં ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને જી.પી.એકટ–૧૩૫ ના ગુના સબબ રૂા. ૧૦૦/–(અંકે રુપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે તો કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વીત્યા બાદ મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખઃ ૧૨ મી માહે.નવેમ્બર,સને ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

૧૨/૧૧/૨૦૨૨
સ્થળ લીબડી.

( એમ.આઈ.એન.શેખ)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
લીબડી
**(જજ કોડ –જી.જે.૦૧૩૨૭)**